# ગુજરાત જાહેર સેવા આયોગ

*સેક્ટર-૧૦-એ, "છ-૩" સર્કલ પાસે, "છ" રોડ, ગાંધીનગર-૩૮૨૦૧૦*

*ફોન નં- (૦૭૯) ૨૩૨ ૫૮૯૮૦* ***Web Site :*** **https://gpsc.gujarat.gov.in**

## ગુજરાત વહીવટી સેવા વર્ગ–૧, ગુજરાત મુલ્કી સેવા વર્ગ–૧ અને વર્ગ–૨ તથા ગુજરાત નગરપાલિકા મુખ્ય અધિકારી સેવા વર્ગ–૨ની જગ્યામાં વધારા અંગેની જાહેરાત

**જાહેરાત ક્રમાંક: ૫/૨૦૨૬-૨૭** : ગુજરાત વહીવટી સેવા વર્ગ–૧, ગુજરાત મુલ્કી સેવા વર્ગ–૧ અને વર્ગ–૨ તથા ગુજરાત નગરપાલિકા મુખ્ય અધિકારી સેવા વર્ગ–૨ની કુલ–૨૧૩ જગ્યાઓ માટે તા– ૦૨/૦૪/૨૦૨૬ (૧૩–૦૦ કલાક) થી તા– ૧૬/૦૪/૨૦૨૬ (૨૩–૫૯ કલાક) દરમ્યાન ઓનલાઈન અરજી મંગાવેલ હતી. પ્રસ્તુત જાહેરાતમાં નીચે દર્શાવ્યા મુજબના નવા સંવર્ગનો સમાવેશ કરવામાં આવે છે. આમ, નીચે મુજબની તમામ વધારાની જગ્યાની વિગતો ધ્યાને લેતાં કુલ–૨૧૩ ના સ્થાને હવે કુલ–૨૧૭ જગ્યાઓ ધ્યાને લેવાની રહેશે. આ જગ્યાઓ માટે ઉમેદવારો હવે http://gpsc-ojas.gujarat.gov.in પર તા. ૧૬/૦૪/૨૦૨૬ના બદલે ***તા- ૧૮/૦૪/૨૦૨૬ (૨૩-૫૯ કલાક)*** સુધી ઓનલાઈન અરજી કરી શકશે.

| ક્રમ | જગ્યાનું નામ | કુલ જગ્યાઓ | કક્ષાવાર જગ્યાઓ | | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત જગ્યાઓ | | | | | કુલ જગ્યાઓ પૈકી અનામત | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | બિન અનામત (સામાન્ય) | આર્થિક રીતે નબળા વર્ગ | સા. શૈ. પ. વ. | અનુ. જાતિ | અનુ. જનજાતિ | બિન અનામત (સામાન્ય) | આર્થિક રીતે નબળા વર્ગ | સા. શૈ. પ. વ. | અનુ. જાતિ | અનુ. જનજાતિ | દિવ્યાંગ | માજી સૈનિક |
| ૧ | જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વર્ગ-૧ | ૦૪ | ૦૦ | ૦૦ | ૦૨ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |

**દિવ્યાંગ ઉમેદવારો માટે :**

ઉક્ત કોષ્ટકમાં દર્શાવેલ જગ્યાઓ માટે જગ્યાના દિવ્યાંગતાના ઠરાવને આધિન નીચે દર્શાવ્યા મુજબ દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારો જ અરજી કરવા પાત્ર છે :

| ક્રમ | જગ્યાનું નામ | ૧-અંધત્વ /ઓછી દ્રષ્ટિ | ૨-શ્રવણની ખામી | ૩- મગજના લકવા સહિતની હલનચલનની દિવ્યાંગતા, રક્તપિત્તમાંથી સાજા થયેલ, વામનતા, એસિડ એટેકનો ભોગ બનેલ અને નબળા સ્નાયુઓ | ૪-સ્વલીનતા (Autism), બૌદ્ધિક દિવ્યાંગતા, ખાસ વિષય શીખવાની અક્ષમતા અને માનસિક બિમારી ૫-બહેરાશ-અંધત્વ સહિતની ખંડ (૧) થી (૪) હેઠળની એક કરતા વધારે પ્રકારની દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિ |
|---|---|---|---|---|---|
| ૧ | જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વર્ગ-૧ | B, LV (40-70 %) | D, HH (40-70 %) | OA, OL, BL*, BA*, OAL, LC, CP, Dw, AAV, SD, SI | SLD, ASD (M), MI, MD, ID |

B=Blind, LV=Low Vision, HH= Hard of Hearing, OA=One Arm, OL=One Leg, OAL/OLA =One Arm & One Leg, BL=Both Leg, BLOA=Both Legs & One Arm, CP- Cerebral Palsy, LC- Leprosy Cured, Dw- Dwarfism, AAV- Acid Attack Victims, SLD- Specific Learning Disability, MI- Mental illness, MD- Multiple Disabilities, MDy-Muscular Dystrophy, ASD- Autism spectrum disorder, D-Deaf, BA-both arm, SD-Spine Deformity, SI-Spine Injury, ID-Intellectual Disability, (M-Mild, Mod-Moderate).

**ઉપર્યુક્ત દિવ્યાંગતાનો દર્શાવેલ પ્રકાર દિવ્યાંગતાના સંબંધિત ઠરાવને આધીન નિયત થયેલ છે.**

*જીલ્લા રજિસ્ટ્રાર, વર્ગ-૧ (સહકારી મંડળીઓ) સંવર્ગના માંગણીપત્રકના કોલમ-૪(સી)(અ) મુજબ BA, BL પ્રકારની દિવ્યાંગતાના પ્રકાર સંદર્ભે both arm and both leg પ્રકારની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારોને પરીક્ષા માટે માન્ય રાખવામાં આવશે. પરંતુ આ સંવર્ગ માટે આખરી નિમણૂક આપવાની બાબત મેડીકલ બોર્ડના અભિપ્રાયના આધારે વિભાગ દ્વારા નક્કી કરવામાં આવશે.

**૨. અરજી ફી:** સામાન્ય કેટેગરીના (બિન અનામત) ઉમેદવારોએ ભરવાની ફી રૂ.૧૦૦/- + પૉસ્ટલ સર્વિસ ચાર્જ અથવા ઓનલાઇન ફી ભરવાના કિસ્સામાં રૂ. ૧૦૦ + સર્વિસ ચાર્જીસ. મૂળ ગુજરાતના અનામત કક્ષાના, આર્થિક રીતે નબળા વર્ગો, માજી સૈનિકો તથા દિવ્યાંગ ઉમેદવારોએ ફી ભરવાની રહેતી નથી. ગુજરાત રાજ્ય સિવાયના અનામત વર્ગના ઉમેદવારોએ નિયત ફી ભરવાની રહેશે. મૂળ જાહેરાતમાં અરજી ફી ભરવાની પધ્ધતિમાં દર્શાવ્યાનુસાર ઓનલાઇન ફી તા.૨૦/૦૪/૨૦૨૬ ના રોજ ૨૩:૫૯ કલાક સુધી અને પોસ્ટ ઓફિસમાં ફી તા.૨૦/૦૪/૨૦૨૬ ના પોસ્ટ ઓફિસના કચેરી સમય સુધી ભરી શકાશે.

**નોંધ:**

(૧) જાહેરાત સંદર્ભે ઉંમર તથા જાહેરાતમાં દર્શાવેલ અન્ય જોગવાઇઓ બાબતે અગાઉની અરજી કરવાની છેલ્લી તા.૧૬/૦૪/૨૦૨૬ મુજબ ધ્યાને લેવામાં આવશે. જાહેરાતની અન્ય જોગવાઇઓ સંબંધે મૂળ જાહેરાત અને તા.૦૨/૦૪/૨૦૨૬ ની જગ્યામાં વધારા અંગેની જાહેરાત ધ્યાને લેવાની રહેશે. જેની સંબંધિત ઉમેદવારોએ નોંધ લેવી.

(૨) તા.૧૦/૦૪/૨૦૨૬ ના રોજની અગત્યની જાહેરાત મુજબ પ્રસ્તુત જાહેરાતની પ્રાથમિક કસોટી આપવા માટે ઉમેદવારોએ તા.૨૧/૦૪/૨૦૨૬ ના રોજ સવારે ૧૦:૦૦ કલાક સુધીમાં પોતાનું CONSENT FORM તથા CONSENT DEPOSIT ફરજિયાત ભરવાની રહેશે.

તા-૧૫/૦૪/૨૦૨૬

સંયુક્ત સચિવ
ગુજરાત જાહેર સેવા આયોગ